



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 30 ■ તા. 02-08-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk


લાઈવ આવીને Gen-Zને કર્યા સંબોધિત

## 'મને ગાળો આપનારા બાળકોને હું માફ કરવા માગું છું': પીએમ મોદી

### મને તો ગાળો આપવામાં આવી જ, પરંતુ મારી સ્વર્ગસ્થ માતાને પણ ગાળો આપવામાં આવી. આ ઘટનાનું સ્વરૂપ ખૂબ જ ખરાબ હતું : પીએમ મોદી



નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મોડી રાત્રે ઈન્સ્ટાગ્રામ પર એક ખાસ વીડિયો સંદેશ જાહેર કરીને દેશવાસીઓ અને યુવા પેઢીને સંબોધિત કર્યા હતા. આ વીડિયોમાં તેમણે જંતર-મંતર પર થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન પોતાના અને પોતાની સ્વર્ગસ્થ માતા વિરુદ્ધ વપરાયેલી અભદ્ર ભાષા અંગે ખુલીને વાત કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે, તેઓ આ ભૂલો કરનારા બાળકોને માફ કરવા માગે છે અને તેમને સાચો રાહ બતાવવા માગે છે.શુક્રવારે રાત્રે આશરે ૧૧ વાગ્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવ્યા હતા.

તેમણે આ લાઈવ સેશન દરમિયાન ખાસ કરીને Gen-Z એટલે કે દેશના યુવાનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

તેમણે વાતચીતની શરૂઆતમાં કહ્યું કે, 'ફ્રેન્ડ્સ, આજે તો મન કરે છે કે બસ તમારી સાથે જ વાતો કરું.'પોતાના વીડિયો સંદેશમાં જંતર-મંતર પર થયેલા પ્રદર્શનનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, ત્યાં જે કંઈ પણ બન્યું તે આખા દેશે અને દુનિયાએ જોયું છે.

તેમણે ઉમેર્યું કે, 'કેટલાક શરારતી બાળકોએ અત્યંત ભદ્દી ગાળો બોલી, જે કોઈપણ સભ્ય સમાજને શોભા ન આપે. આવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. મને તો ગાળો આપવામાં આવી જ, પરંતુ મારી સ્વર્ગસ્થ માતાને પણ ગાળો આપવામાં આવી. આ ઘટનાનું સ્વરૂપ ખૂબ જ ખરાબ હતું.'અભદ્ર ભાષાના પ્રયોગ છતાં વડાપ્રધાનએ ઉદારતા દર્શાવતા કહ્યું કે, બાળપણમાં ભૂલો થતી હોય છે અને તે ભૂલોમાંથી સુધરવાની તક પણ બાળપણમાં જ મળતી હોય છે, આ જ તો બાળપણ છે.

તેમણે વધુમાં કહ્યું કે, 'આ ઘટનાને કારણે સમાજમાં જે આક્રોશ ફેલાયો છે તેને હું સારી રીતે સમજી શકું છું. આપણી દીકરીઓ આ પ્રકારની ભાષા કેવી રીતે બોલી શકે છે, તે સમાજ માટે એક સાંસ્કૃતિક આંચકો છે. આમ છતાં, આ બાળકોને માફ કરીને તેમને સન્માર્ગે લાવવા જરૂરી છે.'

## GST કલેક્શન ૧૫.૪%ના વધારા સાથે ૨.૧૧ લાખ કરોડ નોંધાયું

નવી દિલ્હી,

ભારતમાં આર્થિક ગતિવિધિઓ અને ખરીદીમાં મોટો ઉછાળો આવવાથી સરકારની આવકમાં જબરદસ્ત વધારો થયો છે. જુલાઈ ૨૦૨૬માં દેશનું ગ્રોસ જીએસટી (GST) કલેક્શન ૧૫.૪%ના વધારા સાથે રૂ.૨.૧૧ લાખ કરોડના સ્તરે પહોંચી ગયું છે. છેલ્લા ૧૪ મહિનામાં ટેક્સ સંગ્રહમાં જોવા મળેલો આ સૌથી ઝડપી ગ્રોથ છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં આ બીજી વખત બન્યું છે જ્યારે કોઈ એક જ મહિનામાં જીએસટી કલેક્શન રૂ.૨ લાખ કરોડનો આંકડો પાર કરી ગયું હોય, જે દેશની મજબૂત આર્થિક સ્થિતિ દર્શાવે છે.

આંકડાઓ પર નજર કરીએ તો, જુલાઈ મહિનામાં ઘરેલુ જીએસટી આવક ૧૦.૧% વધીને ૧.૪૫ લાખ કરોડ રૂપિયા નોંધાઈ છે,

જે ગયા વર્ષના સમાન મહિનામાં ૧.૩૧ લાખ કરોડ રૂપિયા હતી. બીજી તરફ, આયાત પરના જીએસટી કલેક્શનમાં ૨૮.૮%નો ભારે ઉછાળો જોવા મળ્યો છે અને તે વધીને ૬૬,૫૧૧ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. આ બંને મોરચે થયેલા વધારાના પરિણામે કુલ ગ્રોસ જીએસટી કલેક્શન ૨.૧૧ લાખ કરોડ રૂપિયાના ઊંચા સ્તરે પહોંચવામાં સફળ રહ્યું છે.

સરકાર દ્વારા આપવામાં આવેલા ડેટા મુજબ, જુલાઈ દરમિયાન જીએસટી રિફંડ પણ ૧૩.૧% વધીને ૨૯,૯૬૮ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યું છે. આ રિફંડ બાદ કરીએ તો પણ સરકારને મળેલી નેટ જીએસટી રેવેન્યુ ૧.૮૧ લાખ કરોડ રૂપિયા રહી છે, જે જુલાઈ ૨૦૨૫ની સરખામણીએ ૧૫.૮% વધુ છે.

જો નેટ આવકની વિગતો જોઈએ તો, ઘરેલુ નેટ રેવેન્યુ ૧૦.૫% વધીને ૧.૨૭ લાખ કરોડ રૂપિયા અને કસ્ટમ્સમાંથી મળતી નેટ જીએસટી આવક ૩૦.૩%ના તીવ્ર ઉછાળા સાથે ૫૪,૨૨૩ કરોડ રૂપિયા થઈ છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ચાર મહિનામાં (એપ્રિલથી જુલાઈ) કુલ ગ્રોસ જીએસટી સંગ્રહ ૧૦.૧% વધીને ૮.૪૩ લાખ કરોડ રૂપિયા થયો છે, જે ગત વર્ષના સમાન ગાળામાં ૭.૬૬ લાખ કરોડ રૂપિયા હતો. અગાઉ જૂન ૨૦૨૬માં પણ જીએસટી કલેક્શન ૧૩.૯% વધીને ૧.૯૪ લાખ કરોડ રૂપિયા નોંધાયું હતું.

એસબીઆઈ રિસર્ચના તાજેતરના અહેવાલ અનુસાર, જીએસટી સંગ્રહ અને બેસિક એક્સાઈઝ ડ્યુટીમાં રાજ્યોના હિસ્સાને ભેગો કરવામાં આવે તો નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં રાજ્યોને ગયા નાણાકીય વર્ષની સરખામણીએ આશરે ૧.૪૩ લાખ કરોડ રૂપિયાનો વધારાનો આર્થિક લાભ થવાની શક્યતા છે.

રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે આગામી મહિનાઓમાં જીએસટી કલેક્શનમાં હજુ પણ સુધારો જોવા મળી શકે છે અને સમગ્ર નાણાકીય વર્ષ દરમિયાન તેમાં ૮થી ૯ ટકાનો ગ્રોથ જોવા મળી શકે છે. હાલમાં જીએસટી રેટ રેશનલાઈઝેશનના કારણે જે થોડી ધીમી ગતિ દેખાઈ હતી તે અપેક્ષિત જ હતી, પરંતુ આગામી સમયમાં ટેક્સ કલેક્શન વધુ મજબૂત બનશે.

## હવે ટ્રેનમાં વધારાના સામાનનું બુકિંગ પણ થશે ઓનલાઈન

નવી દિલ્હી,

ટ્રેનમાં મુસાફરી દરમિયાન વધારે સામાન સાથે રાખતા મુસાફરો માટે ભારતીય રેલવેએ મહત્વની સુવિધા શરૂ કરી છે. હવે વધારાના સામાનનું બુકિંગ કરાવવા માટે સ્ટેશન પર પાર્સલ કાઉન્ટરની લાંબી લાઈનમાં ઊભા રહેવાની જરૂર નહીં પડે. 31 જુલાઈ 2026થી કન્ફર્મ ટ્રેન ટિકિટ ધરાવતા મુસાફરો પોતાના સાથે લઈ જવાના વધારાના સામાનનું ઓનલાઈન બુકિંગ કરી શકશે અને તેનો ચાર્જ પણ ઓનલાઈન ચૂકવી શકશે. રેલવે બોર્ડે 20 જુલાઈએ તમામ ઝોનલ રેલવેને આ વ્યવસ્થા લાગુ કરવા સૂચના આપી હતી.આ સુવિધા માત્ર કન્ફર્મ રિઝર્વેશન ટિકિટ ધરાવતા અને પોતાના સામાન સાથે રિઝર્વ કોચમાં મુસાફરી કરનારા મુસાફરો માટે છે. વેઈટિંગ લિસ્ટ અથવા RAC ટિકિટ ધરાવતા મુસાફરોને હાલમાં આ સુવિધાનો લાભ મળશે નહીં. ઓનલાઈન બુકિંગ દરમિયાન મુસાફરોને તેમની ક્લાસ પ્રમાણે મફતમાં કેટલો સામાન લઈ જઈ શકાય, મહત્તમ વજન કેટલું છે, કઈ વસ્તુઓ લઈ જવાની મંજૂરી નથી અને મર્યાદા કરતાં વધુ સામાન માટે કેટલો ચાર્જ અથવા દંડ લાગી શકે છે તેની માહિતી પણ આપવામાં આવશે.મફત સામાનની મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ફર્સ્ટ ACમાં 70 કિલો, ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડ ACમાં 50 કિલો, થર્ડ AC, AC ચેર કાર અને સ્લીપર ક્લાસમાં 40 કિલો, જ્યારે સેકન્ડ ક્લાસમાં 35 કિલો સુધીનો સામાન મફતમાં લઈ જઈ શકાય છે. જો મુસાફર આ મર્યાદા કરતાં વધુ સામાન લઈ જવા માંગે તો વધારાના સામાનનું બુકિંગ કરાવી શકાશે. તેના માટે લાગુ લગેજ દરના 1.5 ગણો ચાર્જ ચૂકવવો પડશે અને ત્યારબાદ મંજૂર મર્યાદા હેઠળનો વધારાનો સામાન પોતાના રિઝર્વ કોચમાં લઈ જઈ શકાશે.આ નવી વ્યવસ્થાનો સૌથી



મોટો ફાયદો એ છે કે વધારાના સામાન માટે હવે અલગથી સ્ટેશન પર દોડધામ કરવાની જરૂર નહીં પડે. ટિકિટ બુકિંગ સાથે જ લગેજની પ્રક્રિયા ઓનલાઈન પૂર્ણ કરી શકાશે. ખાસ કરીને પરિવાર સાથે મુસાફરી કરનારા, લાંબી મુસાફરી કરતા અથવા વધુ સામાન લઈને જતા મુસાફરો માટે આ સુવિધા સમય બચાવનારી સાબિત થઈ શકે છે. જોકે મુસાફરોએ મુસાફરી પહેલાં પોતાના સૂટકેસ અને બેગનું વજન ચેક કરી લેવું પડશે, જેથી ફ્રી લગેજ મર્યાદા અને વધારાના સામાનના ચાર્જ અંગે છેલ્લી ઘડીએ મુશ્કેલી ન પડે.જો કે હવે પ્રશ્ન એ થાય છે કે જો પ્રવાસીઓ વધારાનો સામાન પોતાની સાથે રિઝર્વ કોચમાં લઈ જશે તો તેનાથી અન્ય મુસાફરોને પ્રવાસ દરમ્યાન હાલાકીનો સામનો કરવો પડી શકે છે. કારણ રેલવેના ડબ્બામાં આ સમાન રાખવા માટે વધારાની જગ્યા નથી તેમ જ રાળવે તરફથી એ પાન સપસ્થતા નથી કરાઈ કે વધારાનો સમાન લગેજ કોચમાં મૂકી શકાશે કે કેમ? તેથી પ્રવાસીઓમાં આ મુદ્દે સવાલ ઊભા થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રેનમાં જગ્યાના અભાવે વિવાદ થવા કોઈ નવી વાત નથી, પરંતુ સમાન વધારવાની લિમિટ આપીને ગમે તેટલો સામાન લઈ જવાની પરવાનગી જો રેલવે આપશે તો સહપ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો પણ કરવો પડી શકે છે.

## એએમએ દ્વારા ''ટ્રાન્સફોર્મ્ડ ઈન્ડિયાઃ રિડિફાઈન્ડ ડિપ્લોમસી'' વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરાયું: ડૉ. વિજય ચોથાઈવાલેએ ભારતની સક્રિય વૈશ્વિક ભૂમિકા પર પ્રકાશ પાડ્યો




અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા એએમએ ખાતે ''ટ્રાન્સફોર્મ્ડ ઈન્ડિયાઃ રિડિફાઈન્ડ ડિપ્લોમસી'' વિષય પર ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના વિદેશ બાબતોના વિભાગના પ્રભારી ડૉ. વિજય ચોથાઈવાલે દ્વારા સંબોધિત વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાન દરમ્યાન ડૉ. ચોથાઈવાલેએ છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતની વિદેશ નીતિમાં આવેલા પરિવર્તનો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે દેશના વિસ્તરતા વ્યૂહાત્મક પ્રભાવ પર ભાર મુકતા દર્શાવ્યું હતું કે કેવી રીતે સક્રિય ડિપ્લોમસી, વ્યૂહાત્મક સ્વાયત્તતા અને વૈશ્વિક ભાગીદારીએ વિશ્વ મંચ પર ભારતનું સ્થાન પુનઃવ્યાખ્યાયિત કર્યું છે. આજે ભારતનો રાજદ્વારી અભિગમ આત્મવિશ્વાસ, વ્યૂહાત્મક વિઝન અને વૈશ્વિક નેતૃત્વના મંચો પર સક્રિય ભાગીદારી દ્વારા સંચાલિત છે. આ વ્યાખ્યાનમાં વિદેશ નીતિના ઉત્સાહીઓ, ઉદ્યોગ સાહસિકો, શિક્ષણવિદો અને ભારતના આંતરરાષ્ટ્રીય સંબંધોની બદલાતી સ્થિતિ વિશે પ્રત્યક્ષ જાણકારી મેળવવા આતુર નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સમાપન પ્રશ્નોત્તરી સત્ર સાથે થયો હતો.

વધુ વિગતો માટે કૃપા કરીને એએમએનો ૦૭૯-૨૬૩૦૮૬૦૧ પર સંપર્ક કરો અથવા એએમએ વેબસાઈટની મુલાકાત લોઃ www.amaindia.rog

## ''મૂક આશીર્વાદ''



પ્હોં ફૂટવાની તૈયારીમાં હતી અને સૂર્યદેવ તેમના આગમનની છડી પોકારી રહ્યા હતા. સવારની પ્રથમ મંગળા આરતીનો સમય છે. શ્રી દ્વારકાધીશજીના મુખ્ય મંદિરના ગર્ભ ગૃહના દ્વાર ખુલ્યા. સૌ ભાવિકોએ આનંદવિભોર થઈ દ્વારકાધીશજીના દર્શન કરી દિવસની મંગળમય શરૂઆત કરી.

મંગળા આરતીની સમાપ્તિ થતા જ, વૃંદાની નજર પોતાના કાંડા ઘડિયાળ પર પડે છે. ×હવે વધુ મોડું થવું નહીં પાલવે,× એવું વિચારીને એ ઝટપટ આરતીના દર્શન કરી, મંદિરના મુખ્ય દરવાજા તરફ લગભગ દોટ મૂકે છે.

અગિયારશ હોવાથી મંદિરમાં ભક્તજનો જાણે ઘોડાપુર ઉમટ્યો હતો. જલ્દી-જલ્દીમાં પગથિયા ઉતરતા જ, છેલ્લું પગથિયું વૃંદા ચૂકી જાય છે અને ઝડપભેરમાં તેનો એક પગ વાંકો વળી જાય છે. તે ધડામ કરીને ફસડાઈને બેસી પડે છે અને તેના મોઢામાંથી પડેલા શબ્દો જાણે આંખ વાટે આંસુના સહારે વહી જાય છે. બે-ત્રણ વારના વ્યર્થ પ્રયાસો કરી જોયા, પણ તે પોતાની જાતને ઉભી ના કરી શકી.

અચાનક પોતાના ખભા અને બાવડા પર તે બે મજબૂત હાથની પકડ અનુભવે છે. તે ચમકીને પાછળ જુએ છે. એક મજબૂત બાંધાનો નવયુવાન તેને કહી રહ્યો હતો, ''ઊભા રહો, ચાલો તમને મદ કરું છું.''

તેણે વૃંદાને ઊભી કરીને પગથિયાની કિનારે આવેલી એક દુકાનની બહાર પડેલા પ્લાસ્ટિકના ટેબલ પર બેસાડવામાં મદદ કરી.

વૃંદા દુકાનની અંદર અને આસપાસ નજર ફેરવે છે. દુકાન પૂજા-પાના સામાન અને શ્રી ઠાકોરજીના વસ્ત્ર-આભૂષણના શણગારથી શોભી રહી હતી. દુકાનની બહાર લાકડાના પાટિયા પર તેણે નામ વાંચ્યું: ''માધવ શણગાર'' અને એમાં મોબાઈલ નંબર વગેરેની વિગત લખવામાં આવી હતી.

તે નવયુવાન નજરને માપીને કહે છે કે, ''હું જ માધવ છું. અને આ મારી જ દુકાન છે. ચાલો તમને ઘર સુધી મૂકવા આવું છું.'' ત્યારબાદ એ પૂછે છે, ''તમારું ઘર ક્યાં છે?''

વૃંદા પીડાના દર્દથી કશું બોલી ના શકી, પરંતુ તે હાથ વડે મંદિરની સામેની સીધી દિશામાં ઈશારો કરે છે. તે યુવક લાકડાના ટેબલના ખાનામાંથી ચાવી અને પાકીટ કાઢી, દુકાનનું શટર અડધું બંધ કરી, પોતાની સ્કૂટર ચાલુ કરે છે અને વૃંદાને પોતાની સ્કૂટરની પાછળની સીટ ઉપર બેસાડી, તેણે બતાવેલી દિશા તરફ સ્કૂટર હંકારી મૂકે છે.

રસ્તામાં તેણે ફરીથી સરનામું પૂછતા, વૃંદા ફક્ત હાથના ઈશારે જવાબ આપે છે. અને થોડીક ક્ષણોમાં જ, બરાબર સામેની ગલીમાં છેલ્લા વળાંક પર એક બેઠાઘાટનું ઘર મકાન આવતા, વૃંદા હાથના ઈશારે સ્કૂટર અટકાવી દે છે.

એ નવયુવક તેને કહે છે, ''ચાલો તમને ઘરની અંદર સુધી મૂકીને આવું છું.'' પરંતુ વૃંદા ફક્ત આંખોના ઈશારે, તેને બંને હાથ જોડીને અભિવાદન કરી ના પાડી દે છે. યુવક થોડી ક્ષણો સુધી તેના ઘરની બહાર રાહ જુવે છે. વૃંદા ઘરનો મુખ્ય દરવાજો ખોલી અને અંદર આવેલા ફળિયામાં દાખલ થાય છે. ફળિયામાં પડેલા ખાટલા પર જોરથી બેસી પડે છે. યુવક ત્યાંથી વિદાય લે છે.

તે જ ક્ષણે વૃંદાની માં ઘરની અંદરના ઓરડામાંથી બહાર આવીને, વૃંદાને પગ પકડીને કણસતા જુએ છે. પરિસ્થિતિ સમજી જતા તે લાગણીસહજ પૂછે છે, ''શું થયું, બેટા? વાગ્યું છે તને?'' અને તુરંત જ તાજા અને દૂર જતા ધીમા થઈને બંધ પડેલા સ્કૂટરના અવાજને પણ તે માપી લે છે. તે વળી બીજો પ્રશ્ન કરે છે, ''કોણ હતું જે તને અહીં સુધી મૂકવા આવ્યું હતું?''

અને આ વખતે વૃંદાના હૃદયમાં પગના મોચની પીડા કરતા, તેને તેના ન બોલી શકવાની પંગુતાનું દુઃખ પહેલી વાર વધુ પીડા આપે છે. તે ફક્ત એક ઉંહકારા સાથે ડૂસકું મૂકી દે છે.

અહીં માધવ પોતાની દુકાન પર આવી જાય છે અને ફરીથી પોતાનો સામાન ગોઠવવામાં લાગી પડે છે. બાજુની દુકાનના રતનભા, જે આ પૂરી ઘટનાના મૂક સાક્ષી હતા, તે ટીખળી કરતા પ્રશ્ન પૂછે છે, ''કા, ભઈલા, મૂકી આવ્યો?'' માધવ ફક્ત સ્મિત કરે છે.

રતનભા ફરી ટીખળી કરતા પૂછે છે, ''બાકી છોડી રૂપાળી છે હો! અદલ રાધારાણીની સિક્લ. જોઈ લો.'' માધવ ફરીથી સ્મિત કરે છે.

આખરે રતનભા હાથના સાંકેતિક ઈશારા સાથે પૂછે છે, ''વાતચીત થઈ તેની સાથે? શું નામ છે એનું?''

અને માધવ એક નિશ્વાસ સાથે, પોતાના બંને કાન તરફ બંને હાથની આંગળીનો ઈશારો કરી કહે છે, ''આ કંઈ સાંભળવા દે તો ને...'' જેવી દ્વારકાધીશની મરજી, બોલી. એ મંદિરના શિખરને જોઈને બે હાથ જોડીને આંખ અને માથું નમાવી દે છે.

એ જ સમયે મંદિરમાં ઘંટારવ વાગે છે અને પ્રભુ શ્રી દ્વારકાધીશ પોતાના ભક્તજનોને જાણે પ્રસન્ન મુદ્રામાં આશીર્વાદ આપી રહ્યા હતા.

અને બીજી ક્ષણે જાણે માધવના મોબાઈલમાં એક અજાણ્યા નંબર પરથી એક મેસેજ માટેનું નોટિફિકેશન આવે છે, જે પોતાના નામ સાથે હાથ જોડીને આભાર વ્યક્ત કરતો હોય છે.

જય દ્વારકાધીશ ??

''રણકાર ''

ડો. હેમલ કે રાવલ

મુંબઈ

02-08-2026_30 Jan Fariyad_New_P-1

# લાઘવિકા




શીર્ષકઃ ખુશીનો માહોલ
નામઃ પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ'
આદરીયાણા
સ્થળઃ -સુરેન્દ્રનગર

રમણભાઈને એકનો એક દીકરો રાજેશ લાડકોડમાં ઉછરેલો. કોઈએ કાંઈ કીધેલું નહીં એટલે થોડો તોફાની, ઉદ્દંડ,સ્વછંદી થઈ ગયેલો. સ્કૂલમાંથી પણ તેની ફરિયાદો અવારનવાર આવતી. આ જોઈ રમણભાઈને ખૂબ ચિંતા થવાં લાગી રાજેશ જો અહીં ગામમાં અભ્યાસ કરશે તો તેના દોસ્તો, આજુબાજુનું વાતાવરણ, મોબાઈલને લીધે રાજેશની પ્રગતિ નહીં થાય. તેનામાં જેવાં જોઈએ તેવાં સંસ્કારોનું સિંચન નહીં થાય.? સારું ઘડતર નહીં થાય. રમણભાઈએ રાજેશને સારી એવી છાત્રાલયમાં એડમિશન અપાવ્યું. છાત્રાલયમાં કપડાં ધોવા,રસોઈ કામમાં મદદ,પાણી ભરવું, સફાઈકામ કરવું, ફૂલ-છોડને પાણી પાવું, વહેલાં ઊઠવું, વહેલાં સૂઈ જવું, પિક્ચરો પણ જોવાં ન મળે.

મોબાઈલ પણ વાપરવા ન મળે, સવાર સાંજની પ્રાર્થના આ બધી પ્રવૃત્તિથી રાજેશનામાં પરિવર્તન આવ્યું. સારું એવું ઘડતર થયું. વેકેશનમાં રાજેશ ઘેર આવ્યો. ઘેર આવતા જ તેના માતા પિતા,દાદા દાદી?, વડીલોને પગે લાગ્યો. આ જોઈ રમણભાઈ ખૂબ ખુશ થયાં.રાજેશના પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો. ?

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ'

# સુરતમાં ભારે વરસાદથી કીમ નદીમાં પૂરની સ્થિતિ

સુરત,

સુરત જિલ્લા માટે જાહેર કરવામાં આવેલા રેડ એલર્ટ તેમજ આજે સવારથી જ સતત વરસી રહેલા વરસાદના પગલે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડ પર કામગીરી કરી રહ્યું છે. જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જિલ્લાની પ્રવર્તમાન પૂર અને વરસાદી પરિસ્થિતિ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, નાગરિકોની સુરક્ષા માટે તમામ જરૂરી અગમચેતીના પગલાં લેવામાં આવ્યા છે. પૂરની સ્થિતિ અને ભારે વરસાદથી લોકોને સુરક્ષિત રાખવા અંબિકા નદી કિનારાના ગામો તેમજ અન્ય અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોમાંથી ૪,૦૦૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે.

વરસાદની પ્રવર્તમાન સ્થિતિ અંગે કલેક્ટરશ્રીએ છેલ્લા ૨૪ કલાકની (ગઈકાલે સવારે ૬ થી આજે સવારે ૬ વાગ્યા સુધીની) સ્થિતિએ જિલ્લાના તમામ તાલુકાઓમાં અનરાધાર વરસાદ નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન સુરત જિલ્લામાં સરેરાશ ૨૨૨ mm (આશરે ૮ ઈંચ) વરસાદ થયો છે. જેમાં અંબિકા તાલુકામાં સૌથી વધુ ૫૬૫ mm (અંદાજિત ૨૨.૫ ઈંચ) વરસાદ નોંધાયો છે, જ્યારે અન્ય તાલુકાઓમાં ૫ થી ૧૨ ઈંચ સુધીનો વરસાદ થયો છે. આ ઉપરાંત, સુરત શહેરમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં આશરે ૫ થી ૬ ઈંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આઈસોલેટેડ સ્થળો પર ભારેથી અતિભારે વરસાદની શક્યતા યથાવત છે. તેમણે જણાવ્યું કે, આજે સવારે વરસાદનું જોર થોડું ઘટી જતાં રાહત અનુભવાઈ હતી, પરંતુ સવારે ૧૦ વાગ્યાથી ફરી તમામ તાલુકાઓમાં સતત વરસાદ શરૂ થયો છે. આજે પણ જિલ્લામાં રેડ એલર્ટ હોવાથી તંત્ર સતર્ક છે. કીમ નદી ઓવરફ્લો થવાના કારણે ઓલપાડ અને માંગરોળ તાલુકાના નીચાણવાળા ગામોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે, જેથી તંત્ર દ્વારા ગઈકાલથી જ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી, જે આજે પણ જરૂરિયાત મુજબ સતત શરૂ છે. સુરત શહેરની તમામ મુખ્ય ખાડીઓ હાલ ભયજનક સપાટીની નીચે વહી રહી છે. ગઈકાલે કેટલીક ખાડીઓમાં જળસ્તર વધ્યું હતું, પરંતુ હાલ સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. તાપી નદીમાં સિંગણપોર કોઝવે ઓવરફ્લો થયો છે. જ્યારે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમનું રૂલ લેવલ ૩૩૩ ફીટ છે, જેની સામે વર્તમાન પાણીની સપાટી ૩૨૦ ફીટ નોંધાઈ છે. આમ, ડેમ અને નદીઓમાં હાલ પૂરતો જળસંગ્રહ સુરક્ષિત મર્યાદામાં છે. રેસ્ક્યૂ અને રાહત કામગીરીને વધુ ઝડપી બનાવવા માટે માંડવી ખાતે અગાઉથી જ જીઙ્ઘઈહ્લની એક ટીમ તૈનાત કરવામાં આવી છે, જ્યારે ઓલપાડ ખાતે પણ આજે સવારે **SDRF**ની વધારાની ટીમ રવાના કરી દેવાઈ છે એમ તેમણે વધુમાં કહ્યું હતું.કલેક્ટર તેજસ પરમારે ખાસ કરીને કીમ નદીના કાંઠાના વિસ્તારોમાં રહેતા નાગરિકોને અપીલ કરતા જણાવ્યું છે કે, કીમ નદીનું જળસ્તર હજુ પણ વધવાની પૂર્ણ શક્યતા છે. આથી સ્થાનિક નાગરિકો સમયસર અને ત્વરિત પોતપોતાના સુરક્ષિત સ્થળે ખસી જાય તે ઇચ્છનીય છે. હાલમાં **SDM, TDO, SDRF** અને પોલીસ સહિતની તમામ સંબંધિત ટીમો સતત ફિલ્ડ પર હાજર રહી પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહી છે.

કીમ નદીમાં રાત્રિ દરમિયાન ઓવરફ્લો થવાના કારણે ઓલપાડ અને માંગરોળ તાલુકાના નીચાણવાળા ગામોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. વહીવટી તંત્ર દ્વારા પૂર્વ તૈયારીના ભાગરૂપે ગઈકાલે જ આ વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરી દેવાયું હતું, તેમ છતાં જો કોઈ નાગરિક નીચાણવાળા કે જોખમી વિસ્તારમાં હોય તો તેમને ત્વરિત સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવા તેમણે તાકીદ કરી હતી. જિલ્લા કલેક્ટરે તમામ નાગરિકોને પ્રવર્તમાન સ્થિતિમાં તકેદારી રાખવા, સાવચેત રહેવા અને અતિ જરૂરિયાત ન હોય તો ઘરની બહાર ન નીકળવા અપીલ કરી હતી.

# કહેવત પરથી લઘુવાર્તા

કહેવા કરતા કરવું ભલું
શીર્ષકઃ આચરણનું મહત્વ
નામ, સ્થળઃ પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ'
આદરીયાણા-સુરેન્દ્રનગર

સુંદર મજાનું નાનું ગામ. ગામની ભાગોળે નાનકડી શાળા,નાનો બગીચો, રમતનું મેદાન હતું. શાળાના પ્રાંગણમાં પીપળનું ઝાડ હતું. શાળાના આચાર્યશ્રી સ્વચ્છતાના બહુ આગ્રહી હતા.દરેક વર્ગખંડમાં ડસ્ટબિન મૂકી દેવામાં આવેલાં હતાં. શાળા શરૂ થતાં પહેલાં બધી જ સાફ સફાઈ થઈ જતી. શાળાના ઓરડા, ટેબલ, ખુરશી, કાળું પાટિયું પાણીના વાસણો બધાંની નિયમિત સફાઈ કરવામાં આવતી. એકવાર બન્યું એવું શાળામાં બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું. બાળમેળામાં જુદી જુદી પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી. કાગળકામ, માટીકામ, છાપકામ, ચિત્રકામ, રંગપૂરણી. આ બધી પ્રવૃત્તિઓ મોડા સુધી ચાલી. મેદાનમાં કચરો વેરાયેલો પડ્યો હતો.સવારમાં શાળા ખુલતા આચાર્યશ્રીએ આ જોયું. આચાર્યશ્રીએ શિક્ષકો અને બાળકો કોઈને કાંઈ ના કહ્યું. જાતે સાવરણો લઈ મેદાનની સફાઈ કરવા લાગ્યાં. આચાર્ય સાહેબને સફાઈકામ કરતાં જોઈને શિક્ષકો અને બાળકો ભો?ઠા પડ્યાં. ચાર પાંચ બાળકો રૂમમાંથી સાવરણો લઈ મેદાનમાં આવ્યા અને સાહેબને કહ્યું; ''સાહેબ,લાવો સાવરણો અમે સફાઈ કરી નાખીએ.''

એકવાર પ્રાર્થના સભામાં એક હોશિયાર બાળક ભરત ઊભો થયો અને આચાર્ય? સાહેબને? કહ્યું ;

''સાહેબ માફ કરજો પણ તે દિવસે તમે અમને ના કહ્યું અને જાતે સફાઈ કરવા લાગ્યા એનું કારણ શું?'' આચાર્ય સાહેબ મૂછમાં હસ્યાં અને કહ્યું ; 'ભરત,પહેલા તને હું એક વાર્તા કહું. એનો જવાબ તને તેમાંથી મળી રહેશે. એકવાર બુદ્ધ ભગવાન પાસે એક સ્ત્રી આવી અને કહ્યું; 'મારો દીકરો ગોળ બહુ ખાય છે તેને કંઈક સમજાવો ને?' બુદ્ધ ભગવાન પોતે ગોળ ખાતા હતાં એટલે બાળકને તે કેવી રીતે સમજાવે. તેમણે વિચાર્યું પહેલા મારે ગોળ બંધ કરવો પડે પછી જ તેને સમજાવી શકાય.

તો જ તેની ઊંડી અસર થાય.બુદ્ધ ભગવાને પેલી સ્ત્રીને કહ્યું; 'બહેન,અઠવાડિયા પછી બાળકને લઈને આવજો.'

અઠવાડિયા બાદ પેલી સ્ત્રી બાળકને લઈ બુદ્ધ ભગવાન પાસે આવી. બુદ્ધ ભગવાને પેલા નાના બાળકને ખોળામાં બેસાડી માથે હાથ ફેરવી કહ્યું;' બેટા ગોળ બહુ ખવાય નહીં. બહુ ગોળ ખાવાથી પેટમાં જુદા જુદા રોગ થાય'.

પેલી સ્ત્રીએ કહ્યું; 'બાપજી,આટલું તો તમે અઠવાડિયા પહેલા પણ કહી શક્યા હોત.

ત્યારે બુદ્ધ ભગવાને સરસ જવાબ આપ્યો;' બહેન હું જ ગોળ ખાતો હતો અને બાળકને કેવી રીતે સમજાવી શકુ?'

આચાર્યશ્રીએ કહ્યું;' વહાલાં બાળકો,તમને પણ આ વાર્તા પરથી જવાબ મળી ગયો હશે. કોઈને કંઈ કહેતાં પહેલાં આપણામાં શુદ્ધ આચરણ હોવું જોઈએ. શુદ્ધ આચરણની ખૂબ જ અસર થાય છે. કહેવા કરતા કરવું ભલું. અધશેર કહેવા કરતાં અધોળ આચરણ? સારું. કરણી અને કથનીમાં ફેર ન હોવો જોઈએ. મનુષ્યનો આ ગુણ તેને મહાન બનાવે છે. આચરણની ખૂબ અસર થાય છે.''

તાળીઓના ગડગડાટથી વાતાવરણ ગુંજી ઉઠ્યું.

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ'

### મેઘરાજાએ મહેર વરસાવતા અઠવાડિયામાં ૧૧ હજાર હેક્ટર વાવેતર વધ્યુ

# ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવેતરનો આંકડો ૮૨ હજાર હેક્ટર ઉપર પહોંચ્યો

## જિલ્લામાં અતિ ભારે સુધીના વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા તમામ ખેડૂતોએ વર્તવાની સાવચેતી સંબંધિ માર્ગદર્શિકા જાહેર કરાઇ

ગાંધીનગર,

જુલાઇના પ્રથમ સપ્તાહમાં ગાંધીનગર જિલ્લામાં છૂટોછવાયો તો ક્યાંક ધોધમાર અને ઝાપટા સ્વરૂપે વરસાદ થતાં ખેડૂત પરિવારોએ ખરીફ વાવેતરના શ્રીગણેશ કર્યા હતાં. તે પછી વાવણી લાયક વરસાદ થતાં ૧૦ જુલાઇ સુધીમાં વાવેતરનો આંકડો ૫૩,૫૦૦ હેક્ટરથી વધુ પહોંચ્યો હતો. દરમિયાન ગત અઠવાડિયા દરમિયાન મેઘરાજાએ મહેર વરસાદવતા હાલના તબક્કે જિલ્લામાં વાવેતરનો આંકડો ૮૨ હજાર હેક્ટરે પહોંચ્યો છે. તેમાં સૌથી વધુ કપાસ અને મગફળીનું ૧૮-૧૮ હજાર હેક્ટરમાં વધુવાવેતર થયુ છે. ચોમાસાના આરંભે વરસાદ નહીં થતાં જિલ્લાના ચારેય તાલુકાના ખેડૂતો ભારે મુંજવણમાં મુકાયા હતાં. પરંતુ વિખેરાઇ ગયેલા વાદળાએ માફકસરનો વરસાદ વરસાવતા ખેડૂતોમાં ખૂશીની લહેર ફરી વળી છે અને ખેડૂતો દ્વારા કપાસ, દિવેલા, મગફળી અને તલ સહિત તેલીબિયાનું વાવેતર કરવામાં આવ્યુ છે.જિલ્લામાં અતિ ભારે સુધીના વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા તમામ ખેડૂતોએ વર્તવાની સાવચેતી સંબંધિ માર્ગદર્શિકા જાહેર કરાઇ છે. ખેડૂતોને પોતાના ઉભા પાક, કાપણી કરેલો પાક અને ખેત-સંસાધનોની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવા જણાવાયું છે. પાકમાં હાલ પૂરતુ પિયત આપવાનું કે રાસાયણિક ખાતર અને દવાઓનો છંટકાવ કરવાનું મુલતવી રાખવું.

ખેતરમાં વધારાના પાણીનો ઝડપથી નિકાલ થઈ શકે તે માટે નિકાલની વ્યવસ્થા કરવી.જિલ્લામાં અતિ ભારે સુધીના વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા તમામ ખેડૂતોએ વર્તવાની સાવચેતી સંબંધિ માર્ગદર્શિકા જાહેર કરાઇ છે. ખેડૂતોને પોતાના ઉભા પાક, કાપણી કરેલો પાક અને ખેત-સંસાધનોની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવા જણાવાયું છે. પાકમાં હાલ પૂરતુ પિયત આપવાનું કે રાસાયણિક ખાતર અને દવાઓનો છંટકાવ કરવાનું મુલતવી રાખવું. ખેતરમાં વધારાના પાણીનો ઝડપથી નિકાલ થઈ શકે તે માટે નિકાલની વ્યવસ્થા કરવી.ખરીફ ઋતુમાં અત્યાર સુધીમાં કયા પાકમાં કેટલુ વાવેતર થયુ છે, તેની ઉપર દ્રષ્ટી કરીએ તો કપાસ-૧૮,૨૫૦ હેક્ટર, મગફળી- ૧૮,૧૦૦, બાજરી- ૨૦૦ હેક્ટર, મગ- ૫૦૦ હેક્ટર, અડદ-૧૦૩૦ હેક્ટર, ગુવાર- ૧૬૫૦ વાવેતર થયુ છે.ખરીફ ઋતુમાં અત્યાર સુધીમાં કુલ ૮૨ હજાર હેક્ટરમાં વાવેતર થયુ છે. તેમાં દહેગામ તાલુકામાં ૫૧ હજાર હેક્ટર, ગાંધીનગર તાલુકામાં ૫૦ હજાર હેક્ટર, માણસા તાલુકામાં ૩૭ હજાર હેક્ટર અને કલોલ તાલુકામાં ૩૦ હજાર હેક્ટરમાં થયુ છે.




Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

02-08-2026_30 Jan Fariyad_New_P-2